ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૩ ટકા

# શહેરમાં ઘેર ઘેર ગણેશજી પધારશે

## કોરોનાને કારણે સરકાર દ્વારા માટીની મૂર્તિની સ્થાપના કરવા તથા પોતપોતાના ઘરે જ માટીના ગણપતિનું સ્થાપન કરી વિસર્જન કરવા જણાવાયું છે

ગાંધીનગર, તા.૧૯

ભારતના વિભિન્ન ભાગોમાં ગણેશચતુર્થીનો તહેવાર ધામધૂમથી ઉજવાય છે. મહારાષ્ટ્રમાં ખાસ અને સાથે ગુજરાત, ગોવા, કર્ણાટક, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, કેરાલા જેવા અનેક રાજયોમાં ગણેશોત્સવ ઘેર ઘેર ઉજવાય છે. આ સાથે વિદેશમાં વસવાટ કરતા હિંદુઓ પણ ગણેશોત્સવ ઉજવે છે. વર્ષ ૧૮૯૩માં આઝાદીના લડવૈયા લોકમાન્ય તિલક દ્વારા મહારાષ્ટ્રમાં સાર્વજનિક ગણેશોત્સવ ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારથી લોકો ભેગા થઈ ગણેશોત્સવની ઉજવણી કરે છે. આ શરૂઆત બાદ ધીમે ધીમે મોટા પાયે ગણેશજીના પંડાલ યોજાવા લાયા અને સાથે સાથે ભારતીય સંસ્કૃતિના અનેક રાગ ઉમેરાતા ગયા અને હાલ ભારતભરમાં સાથે ભારતની બહાર પણ તમામ હિંદુઓ દ્વારા ગણેશચતુર્થી ઉજવાય છે.

શહેરમાં દર વર્ષે ગણેશચતુર્થીની ઉજવણી વિવિધ સંસ્થાઓ દ્વારા સામૂહિક રીતે કરવામાં આવે છે. નવરાત્રિની જેમ જ ગણેશચતુર્થીને પણ મહત્વ આપવામાં આવ છે ત્યારે આ ઉત્સવ સાથે અનેક કાર્યક્રમો



પણ નગરમાં યોજાતા હોય છે. પરંતુ આ વર્ષે કોરોનાને કારણે તમામ નગરજનો પોતપોતાના ઘરે જ ગણપતિ બાપાની આરાધના કરશે.

આમ, તો નગરના એંશી ટકા ઘરોમાં ગણપતિ બાપાની સ્થાપના થતી અને બાકીના નગરજનો સમૂહ ઉત્સવોમાં. કોરોનાને કારણે લગભગ નવ્વાણુ ટકા નગરજનો ગણપતિ બાપાની સ્થાપના પોતપોતાના ઘરે જ કરશે. આ વિશેની તૈયારીઓ નગરમાં શરૂ થઈ ગઈ છે. આવનાર ભાદરવા મહિનાની શુકલપક્ષ ચોથના દિવસે ગણેશ ચતુર્થી શનિવારના રોજ આવનાર છે. આ તહેવાર દસ દિવસ સુધી ઉજવાય છે એટલે કે તા. ૨૨ ઓગષ્ટથી ૧ સપ્ટેમ્બર સુધી ગણેશચતુર્થી ઉજવાશે તેમાં પણ દરેક પોતપોતાના ઘરે એક, ત્રણ, પાંચ, સાત કે નવ દિવસ એમ પોતપોતાની અનુકૂળતા મુજબ અલગ અલગ દિવસ સુધી ગણપતિ બાપાની સ્થાપના ઘરમાં કરે છે.

શહેરમાં ગણપતિ બાપાની વિવિધ પ્રકારની મૂર્તિનું વેચાણ શરૂ થઈ ગયું છે. આ વર્ષે કોરોનાને કારણે પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિની જગ્યાએ સરકાર દ્વારા માટીની મૂર્તિની સ્થાપના કરવા જણાવાયું છે. કોરોનાને કારણે વિસર્જન કુંડ ન બનાવી, પોતપોતાના ઘરે જ માટીના ગણપતિનું સ્થાપન કરી છેલ્લા દિવસે વિસર્જન કરવા જણાવાયું છે જેને કારણે નગરના માર્કેટમાં ૧૫૦ રૂપિયાથી શરૂ થઈને ૧૦,૦૦૦ રૂપિયા સુધીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું વેચાણ શરૂ થઈ ગયું છે તેમાં પણ આસન ગ્રહણ કરીને બેઠેલા ગણપતિ સાથે, પાઠ કરતા ચશ્મા વાળા, ખાટલા પર આરામ કરતા, લેખન કરતા જેવા અનેક આકાર અને પ્રકાર સાથેના ગણપતિની મૂર્તિ નગરના માર્કેટમાં નજરે ચઢી રહી છે.

## કોબા-અડાલજ માર્ગ કારની ટક્કરથી યુવકને ઈજા

ગાંધીનગર, તા.૧૯

અડાલજ-કોબા માર્ગ પર અંબાપુર ગામની સીમમાં ગણેશ પાર્ટી પ્લોટ પાસે માર્ગ ઓળંગતા સમયે યુવકને અજાણી કારે ટકકર મારી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક ખાનગી હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ અંબાપુર ગામના અરવિંદભાઈ ઉમેદભાઈ પટેલના ખેતરમાં રહીને ખેતમજુરી કરતા અમરસિંહ મફાભાઈ ઠાકોર પોતાના પરિવાર સાથે રહે છે. અમરસિંહને સંતાનમાં બે દિકરા અને એક દિકરી છે. જયારે અમરસિંહનો નાનો દિકરો ગત તા.૧૫ ના રોજ બપોરના ત્રણ વાગ્યાના અરસામાં ગણેશ પાર્ટી પ્લોટ પાસે આવેલી દુકાનમાં દુધ લેવા માટે ગયો હતો. દુધ લઈને રાહુલ પરત આવી રહ્યો હતો તે સમયે માર્ગ ઓળંગતી સમયે અડાલજ થી કોબા તરફ આવી રહેલી કાર નં. જી.જે.૦૧.એચ.ક્યુ.-૭૨૦૭ ના ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી કાર ચાલક યુવકને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયો હતો. ત્યારબાદ બનાવ અંગે યુવકના પિતાએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના વિદેશ અભ્યાસ માટે લોનના ચુકવણા કરવા માંગ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે રૂ. ૧૫ લાખની લોન માત્ર ૪ ટકાના વ્યાજના દરે આપવામાં આવે છે. આ લોન માટે વર્ષ ૨૦૧૯-૨૦ની લોન અરજીઓ પડતર છે તેને ચુકવણા કરવા તેમજ વિદેશ અભ્યાસ માટે લોન યોજના માટે આપવામાં આવેલ જાહેરાતમાં એક માસની મુદત રદ કરી નવી જાહેરાત આપવા બાબતે ગાંધીનગરમાં રહેતા સમાજ કલ્યાણ વિભાગના નિવૃત્ત નિયામક પી.બી. શ્રીમાળી દ્વારા માંગ કરવામાં આવી છે.

પી.બી.શ્રીમાળીએ સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ઈશ્વરભાઈ પરમારને પત્ર લખી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસ માટે રાજય સરકારની રૂ. ૧૫ લાખની ૪ ટકાના વ્યાજદરની યોજના ખૂબ ઉપયોગી હોવાનું જણાવતા આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માટે લોનની જે અરજીઓ આવી છે તે હજુ સુધી મંજુર કરવામાં ના આવી હોવાથી ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા હોવાનું જણાવ્યું છે. આ સાથે તેમણે દરેક વિદ્યાર્થીએ વિદેશ અભ્યાસ માટે આશરે રૂ. ૮ થી ૧૦ લાખનું દેવું કર્યુ હોવાથી અને હવે બીજા સત્રની ફી તથા રહેવા જમવાના ખર્ચની ચિંતા હોવાથી અધવચ્ચે અભ્યાસ છોડવો પડે તેવી નોબત આવી રહી હોવાથી લોનની અરજીઓ ઝડપથી મજૂર કરવા માંગ કરી છે. આ સાથે તેમણે નિયામક કચેરીએથી લોન માટે એક મહિનામાં ઓનલાઈન અરજી કરવાની મુદત અંગે જાહેરાત આપવામાં આવ છે જે ગેર વ્યાજબી હોવાનું જણાવતાં એક મહિનામાં સ્થાનિક કાગળો તૈયાર થાય જ નહિ પરીણામે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ લોનથી વંચિત રહી જાય તેવી સ્થિતિ હોવાથી મદદ વધારવા જાહેરાત કરવાની પણ માંગ કરી છે. વળી વિવિધ દેશોમાં ચાલતા અભ્યાસક્રમોના સમયગાળા અલગ અલગ હોવાથી વિદ્યાર્થીઓ એડમીશન મેળવ્યા વગર અરજી કેવી રીતે કરી શકે તેમજ વિઝા મેળવવાની પ્રક્રિયામાં પણ ત્રણથી છ માસનો સમય લાગતો હોવાથી આ મુદત વધારવી જરુરી જણાય છે. આ ઉપરાંત મિલ્કત ધરાવતા બે જામીન, મકાનનું વેલ્યુએશન, વિદેશમાં મેળવેલ એડમીશનનો આધાર, એરટિકીટ વગેરે એક માસમાં શકય નથી તેથી મુદતની જાહેરાત સુધારવા માંગ કરી છે.



પર્વાધિરાજ પર્યુષણના પાંચમા દિવસ અને ભગવાન મહાવીર જન્મ કલ્યાણક વાંચનના પવિત્ર દિવસે શ્રી સ્થાનકવાસી જૈન સંઘ સે-૨૨ અને પારસ યુવક મંડળ દ્વારા નગરના જુદા જુદા ઝુંપડા વસાહતમાં સેવ અને ગળી બુંદીના પેકેટ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત પેથાપુર સ્થિત કૈલાસધામના વૃધ્ધોને પણ આ પ્રસાદી અપાઈ હતી.



## વાવોલમાં બરફનું શિવલિંગ...!!

ગાંધીનગર મહાનગરમાં સમાવિષ્ટ વાવોલની વૈદેહી રેસીડેન્સી ખાતે રહેતા પ્રથમ ત્રિપાઠીએ પવિત્ર શ્રાવણ માસના છેલ્લા દિવસે પોતાના ઘરે બરફનું શિવલિંગ બનાવી તેની પૂજા અર્ચના કરી હતી. આ શિવલીંગ બનાવવા માટે તેમણે અઢી લીટર પાણી તેમજ એક્રેલિક કલર તથા મીઠાંનો ઉપયોગ કર્યો હતો મીઠાંવાળુ પાણી હોવાથી તેનો બરફ ૩ થી ૪ કલાક સુધી ઓગળતો નથી અને શિવલિંગ બનાવવા તેમણે આખી રાત ફ્રીઝમાં રાખીને તેને જમાવ્યું હતું.

# એલસીબીએ ૩૪ મોબાઈલ ફોન સાથે બે ચોરને ઝડપી પાડ્યા

## ચોર ઈસમો ફેકટરી વિસ્તારમાં શ્રમિક સુઈ જાય તે સમયે મોબાઈલ ચોરી લેતા હતા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એલસીબી પોલીસે સાંતેજ પાસેથી બે મોબાઈલ ચોર ઈસમોને ઝડપી પાડ્યા છે. ચોર ઈસમો પાસે રહેલી થેલીમાંથી પોલીસને વિવિધ કંપનીના કુલ ૩૪ ફોન મળી આવ્યા હતા. ચોર ઈસમો ફેકટરી વિસ્તારમાં શ્રમિક સુઈ જાય તે સમયે મોબાઈલ ચોરી લેતા હતા. ચોર ઈસમોને પકડી પાડી એલસીબી પોલીસે ચોરીના ૩ ગુનાના ભેદ ઉકેલી નાંખી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા કોન્સ્ટેબલ રાજવીરસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક શખ્સ ચોરીના મોબાઈલ વેચાણ માટે



ફરી રહ્યો છે. જેને પગલે પોલીસે બે શખ્સોને ખાત્રજ ચોકડી પાસેથી ઝડપી પાડ્યા હતા.પોલીસે નામ પુછતા જીતેન્દ્ર ઉર્ફે જીતેન ગંગારામ સલાટ (ખોરજ સરકારી વસાહત) તેમજ પૂનમ રમેશભાઈ રાવળ (વિજાપુર મહેસાણા) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે શખ્સો પાસે રહેલી થેલીમાં તપાસ કરતા વિવિધ કંપનીના ૩૪ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. આ ફોનની અંદાજીત કિંમત ૮૫ હજાર જેટલી છે. પોલીસે કડકાઈથી પુછતાછ કરતા આ ફોન ચોરીના હોવાનું જાણવા મળ્યું હતું. ફેકટરીમાં કામ કરતા શ્રમિકો સુઈ જાય તે દરમિયાન ફોન ચોરી લેતા હતા. જેમાં તેઓએ કૌટુંબિક સાળા કરણ ઉર્ફે હરીપોટી પુનમભાઈ સલાટ અને અર્જુન ઉર્ફે દોલીયો પુનમભાઈ સલાટ સાથે મળી છેલ્લા એક વર્ષમાં સાંતેજ, રકનપુર, ખાત્રજ, વડસર, ભોંયણ વિસ્તારમાંથી ચોરી કર્યા હતા. પોલીસે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


## મુકિતધામ સંકુલ ખાતે રેડક્રોસ દ્વારા ઔષધિય અને ફળાઉ વૃક્ષોનું વાવેતર કરાયું



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૩૦ ખાતેના મુકિતધામ સંકુલમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખા દ્વારા ઔષધિય અને ફળાઉ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. આ વૃક્ષારોપણમાં કુલ ૧૫૦ જેટલાં રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની જિલ્લા શાખાના ચેરમેન જીલુભા ધાંધલે અખબારી યાદીમાં જણાવ્યું છે કે મુકિતધામ સંકુલમાં રેડક્રોસ દ્વારા લીમડો, પીપળો, વડ, ઉમરો, આંબો, જાંબુડો, ખીજડો, ચીકુડી, જામફળ, સીતાફળ અને બદામ સહિતના ફળાઉ તથા ઔષધિય વૃક્ષોનું વાવેતર હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યમાં સંસ્થાના અશ્વિન દવે, એમ.એમ. સોલંકી, ભૂપેન્દ્ર ગજ્જર, કિશોર માંતરીયા, ડૉ. એચ.બી. વરિયા, લાલજી હેરમા, જી.કે. ત્રિવેદી અને યુવાઓ દ્વારા વાવેતર કરી વૃક્ષની રક્ષા તથા ઉછેરની જવાબદારી પણ લેવામાં આવી છે.




સંસ્કાર ગ્રુપના બાળકો અને આગેવાન તુષારભાઈ દવે દ્વારા ગુગલ મીટ એપ્લીકેશન ઉપર ઓનલાઈન વર્તમાન કોરોનાની પરિસ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

# સહકારી અગ્રણી સ્વ. બબાકાકાને ૧૧મી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ અપાઈ



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લાના ચરાડા ગામે સહકારી આગેવાન બબાભાઈ ચૌધરી જેઓ બબાકાકાના નામથી જાણીતા હતા તેમણે ૬૦ના દાયકામાં જુના વિજાપુર તાલુકાના ૧૮ ગામોમાં દૂધ કેન્દ્રોનો પ્રારંભ કરાવી એકત્રિત દૂધનો અમદવાદ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘમાં મોકલી દૂધ ઉત્પાદકોને નવો રાહ ચીંધ્યો હતો. તાજેતરમાં સ્વ. બબાકાકાની ૧૧મી પુણ્યતિથીએ ચરાડા ગામના દૂધ ઉત્પાદકો, દૂધ મંડળીના કારોબારી સભ્યો તથા ગામના અગ્રણીઓએ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

ગાંધીનગર સેકટર-૨૨ ખાતે રહેતા દિપકભાઈ ચૌધરીના જણાવ્યા અનુસાર 'સહકારી આગેવાન સ્વ. બબાભાઈ એન. ચૌધરીએ ૧૯૬૦માં ગુજરાતમાં પહેલી દૂધ ઉત્પાદક મંડળી ચરાડામાં સ્થાપી સ્વ. માનસિંહભાઈને સાથે રાખીને મહેસાણા જિલ્લામાં દૂધ ઉત્પાદક દૂધસાગર ડેરીની સ્થાપનામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આજે કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં દૂધના ધંધાએ દૂધ ઉત્પાદકોને ઉગારી લીધા છે. તે સ્વ. બબાકાકાની દીર્ઘદષ્ટિના કારણે શકય બન્યું છે.'

# કોઈ પણ માતાને દુઃખ થાય તેવું કાંઈ કરવું નહી : પૂ. વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

ગાંધીનગર, તા.૧૯

કલ્પસૂત્ર એટલે જીવન જીવવાની કળા શીખવતો અદભૂત ગ્રંથ. ગૃહસ્થી જીવન પણ કેવી રીતે જીવવું જોઈએ તેનો બોધ એક ઘટનામાંથી પ્રાપ્ત થાય છે. ન્યાય-નીતિ-સદાચાર-વિનય-વિવેક જેવા ગુણો જેમાંથી સહજ પ્રાપ્ત થાય છે.

ભગવાન મહાવીરનો પ્રથમ સંદેશ જગતને જે અપાયો છે તેમાં ઘટના એવી છે કે ભગવાન મહાવીર જયારે ત્રીશલા માતાની કુક્ષિમાં છે ત્યારે તેઓએ માતાને મારા હલન ચલનથી દુઃખ ન થાય તે માટે પ્રભુ માતાના ગર્ભમાં સ્થિર થઈ ગયા. સારા માટે કરેલું કાર્ય માતાના દુઃખનું કારણ બન્યું. માતા વિચારે છે કે મારો ગર્ભ અકુશળ છે મારો ગર્ભ મરી ગયો લાગે છે. અત્યાર સુધી હલન ચલન કરતો મારો ગર્ભ હાલ નિશ્ચલ છે. માતા વિલાપ કરે છે.

### ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણક ઉજવાયું



ગાંધીનગરના સેકટર-૨૨ ખાતેના જૈન દેરાસર ખાતે જૈન સંઘ દ્વારા ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકની ઉજવણી કરવામાં આવી હતી. કોરોના મહામારીના પગલે આ શુભ પર્વની ઉજવણી સાદાઈથી કરવામાં આવી હતી.

ત્રણ જ્ઞાનના માલિક પ્રભુને ખબર પડી અને પ્રભુએ હલન ચલન શરૂ કર્યુ. આ પ્રક્રિયાનો સંદેશ એ છે કે કોઈ પણ માતાને દુઃખ થાય તેવું કાંઈ પણ કરશો નહિં.

ભગવાન મહાવીરનો જન્મ તો ચૈત્રસુદ-૧૩ના થયો છે પરંતુ પ્રભુના શાસનમાં મહાપ્રભાવિક ગ્રંથ કલ્પસૂત્રના વાંચનમાં પ્રભુવીરના ચરિત્રમાં જન્મ ઉત્સવ આવે છે. જેના ઉત્સવરૂપે ચૌદસનો ઝુલાવવાનો પ્રભુનું પારણું ઝુલાવવાનો એક અનોખો લ્હાવો મળે છે. ચાલુ વર્ષે કોરોનાના કારણે સૌએ ઘરમાં રહી ગાંધીનગર સંઘમાં બિરાજમાન ૮૮ વર્ષીય પરમપવિત્ર પુરુષ ગચ્છનાયક જૈનાચાર્ય શ્રી વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના સૂચનથી ઉજવવામાં આવ્યું. માત્ર જૈન ઉપાશ્રયમાં વિધિ સાચવવામાં આવ્યો.

પ્રભુનું નામ ગુણને અનુરુપ વર્ધમાન પાડવામાં આવ્યું કેમ કે પ્રભુ ગર્ભમાં છે અને રાજયમાં ધન-ધાન્યની વૃદ્ધિ થતી રહી જેથી પ્રભુનું નામ વર્ધમાન પાડયું. આજે પણ વર્ધમાન સ્વામીની (પ્રભુ મહાવીરની) આરાધનાથી બધું વધતું જ રહે છે.

## ચિરવિદાય

- સ્વ. જયસ્વાલ કિરીટભાઈ ચીમનલાલ, ઉ.વ. ૬૪, મુ. કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. સોની વિરૂબેન ઘનશ્યામભાઈ, ઉ.વ. ૭૮, રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. સોની પ્રફુલાબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૬૦, બોરીસણા, તા. કલોલ
- સ્વ. શુભદ્રાબેન જીવણલાલ દરજી, ઉ.વ. ૬૯, સેકટર-૨૪, ગાંધીનગર